SANDESH SURAT TUESDAY, 21•06•2016

# સુરત મહાનગરપાલિકા
# આરોગ્ય વિભાગ
# સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ
# જાહેર નોટિસ

આથી જાહેર જનતાને હું મિલિન્દ તોરવણે, આઈ.એ.એસ. કમિશનર, સુરત મહાનગરપાલિકા, સુરત, ફરમાવું છું કે, SWM Rules-2016 તથા કેન્દ્ર સરકારશ્રીના વન અને પર્યાવરણ મંત્રાલયના તા. ૧૮-૦૩-૨૦૧૬ના નોટિફીકેશનથી પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ અન્વયે સુરત મહાનગરપાલિકાએ એક સ્વાયત સંસ્થા તરીકે શહેરમાં ઉત્પન્ન થતાં પ્લાસ્ટિક વેસ્ટ નિકાલ અંગેની જવાબદારી નિભાવવાની થાય છે. જે સંદર્ભે અત્રે સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ ઠરાવ નં. ૮૭/૨૦૧૫ તા. ૨૦-૦૧-૨૦૧૫થી નીચે જણાવેલ સંસ્થાને આ કામગીરી ૨૦ વર્ષના સમયગાળા માટે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) ધોરણે સોંપણી કરવામાં આવેલ છે.

**સંસ્થાનું નામ : ઈકોવિઝન એન્વાયરોમેન્ટલ રીસોર્સીસ LLP**

**સરનામું : સાઈટ : ટોરેન્ટ સબ સ્ટેશનની સામે, ગાંધી કુટીર બ્રીજ પાસે,**
**ભટાર બમરોલી રોડ, મોજે ભટાર, સુરત.**

**ઓફિસ : ત્રીજે માળ, શ્રીરામ કોમ્પલેક્ષ, બેંક ઓફ ઈન્ડિયાની ઉપર,**
**કારગીલ ચોક પાસે, ડુમસ રોડ, પીપલોદ, સુરત-૩૯૫૦૦૭.**

**ટોલ ફ્રી નંબર : ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૨**

સુરત શહેર વિસ્તારમાં કાર્યરત પ્લાસ્ટીક વેસ્ટના એકત્રીકરણ સાથે સંકળાયેલ ઈસમો/સંસ્થા/NGO વિગેરે તમામને જણાવવાનું કે સુરત મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ અંગે અધિકૃત કરવામાં આવેલ ગુજરાત પ્રદૂષણ કંટ્રોલ બોર્ડની માન્યતા પ્રાપ્ત ઉક્ત સંસ્થા સાથે કરવામાં આવેલ કરારનામાની શરતોને આધિન આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-30માં જોડાણ કરી લેવા જણાવવામાં આવે છે.

વધુમાં આથી એ પણ જણાવવાનું કે મુદત વિત્યે જો કોઈ ઈસમો/સંસ્થા/NGO બિન અધિકૃત રીતે પ્લાસ્ટીક વેસ્ટના એકત્રીકરણ કે નિકાલ કરતી માલુમ પડશે તો તે અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેની નોંધ લેવા વિનંતી.

નં. પીઆરઓ/૨૦૮/૨૦૧૬-૧૭
તા. ૨૦/૦૬/૨૦૧૬

કમિશનર
સુરત મહાનગરપાલિકા